રાજયના અનેક વિસ્તારોના વાતાવરણમાં પલટો

વાપીમાં છાંટા પડ્યા : સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોવા મળી રહ્યા છે : ૪૮ કલાક દરમિયાન તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે, બીજી તરફ હવામાન વિભાગે ૨૫મી તારીખે વરસાદની આગાહી કરી હતી તે પરત ખેંચી છે

અમદાવાદ,તા.૨૩

હવામાન વિભાગે પ્રિ-મોન્સૂન એક્ટિવિટી દરમિયાન વરસાદની આગાહી પરત ખેંચી છે. પહેલા હવામાન વિભાગે આગાહી કરી હતી કે ૨૫મી મેના રોજ દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી શકે છે. આ સમાચાર વચ્ચે રાજ્યના અને જિલ્લાના વાતવરણાં પલટો આવ્યો છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, વાપી, વલસાડ, પાટણ, જેતપુર, રાજકોટનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોવા મળી રહ્યા છે. તો વાપીમાં વરસાદી છાંટા પડ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં સતત બીજા દિવસે વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જિલ્લાના સરહદીય વિસ્તાર વાવ, થરાબ, સુઈગામ, ભાભર, ધાનેરા સહિતના વિસ્તારોમાં વાદળછાયું વાતવરણ સર્જાયું છે. આ વિસ્તારોમાં સવારથી જ આકાશમાં કાળા

ડિબાંગ વાદળો જોવા મળી રહ્યા છે. વાતાવરણમાં પલટાથી ધરતીપુત્રોની ચિંતા વધી છે. વાતાવરણમાં પલટાથી બાજરી, એરંડા, જુવાર સહિતના પાકોને નુકસાનની ભીતિ છે. પાટણ જિલ્લામાં વહેલી સવારથી વાતવરણમાં પલટો જોવા મળ્યો છે. સતત ત્રીજા દિવસે જિલ્લાના વાતવરણમાં પલટો જોવા મળ્યો છે. જિલ્લામાં સવારથી જ ભારે પવન સાથે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. પાટણ જિલ્લાનું આકાશ કાળા ડિબાંગ વાદળોથી ભરાઈ ગયું છે. ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડતા રાહદારીઓને હાલાકી પડી રહી છે. બીજી તરફ ઠંડા પવનો ફૂંકાતા ગરમીથી રાહત મળી છે. જેતપુરમાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. સવારથી જેતપુરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અચાનક વાતાવરણમાં પલટાથી ગરમીથી રાહત મળી છે. બીજી તરફ ભારે પવનોથી ધૂળની ડમરીઓ ઉડતા રાહદારીઓએ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં સતત બીજા દિવસે પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. અહીં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બીજી તરફ ઠંડો પવન ફૂંકાતા લોકોને અસહ્ય ગરમીથી રાહત મળી છે. આ દરમિયાન જો કમોસમી વરસાદ થાય તો ઉનાળું મગફળી, તલ સહિતના પાકોને નુકસાનની ભીતિ છે. વાપી શહેરમાં આજે સવારે હળવા છાંટા પડ્યા છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ઘણા જિલ્લાઓમાં સવારથી વાદળછાયું વાતવરણ જોવા મળી રહ્યું છે. વાપી શહેરમાં વરસાદી છાંટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આગામી ૪૮ કલાક દરમિયાન તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે. બીજી તરફ હવામાન વિભાગે ૨૫મી તારીખે વરસાદની આગાહી કરી હતી તે પરત ખેંચી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે પવનની દિશા બદલાતા વાતાવરણમાં બદલાવ થયો છે. રાજ્યમાં ગરમીથી આંશિક રાહતના સમાચાર મળી રહ્યા છે. હવામાન વિભાગે હવે વરસાદની આગાહી કરતા લોકોને હાશકારો થયો છે. હાલ રાજ્યમાં ક્યાંય હિટવેવની કોઈ આગાહી નથી. દક્ષિણ પશ્ચિમના પવન ફૂંકાવવાના કારણે ગરમીથી રાહત મળી છે. બીજી બાજુ રાજ્યમાં આગામી દિવસોમાં પ્રિ-મોન્સૂનની એક્ટિવિટી શરૂ થશે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં બુધવારે વરસાદ પડશે તેવું હવામાન વિભાગનું કહેવું છે. વલસાડ, નવસારી, દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સુરત અને તાપીમાં સામાન્ય વરસાદ પડી શકે છે.

બદલાતા વાતાવરણથી ખેડૂત ચિંતિત

નવસારી , તા.૨૩

બદલાતા વાતાવરણને કારણે કેરીનો પાક નહીવત જ રહેવા પામ્યો છે, ત્યારે પવાનોની ગતિ વધવા સાથે જ ૨૫ મેના રોજ વરસાદની આગાહીએ ખેડૂતો સાથે વેપારીઓની પણ ચિંતા વધારી છે. કારણ દોઢ મહિનો મોડી શરૂ થયેલી કેરીની સીઝન ૧૦ જૂન સુધીમાં પુરી થશે અને હજી કેરીનો સારો ફાલ આંબા ઉપર જ રહેતા વરસાદી મહોલથી રોગ, જીવાત પડવાની બીક સાથે જ કેરીના ભાવ આસમાને પહોંચે એવી સંભાવના સેવાઈ રહી છે.

ગ્લોબલ વોર્મિંગને કારણે વાતાવરણમાં સતત ફેરફાર નોંધાઈ રહ્યો છે. ગત વર્ષોમાં ઠંડી વધુ પડતી હતી, પરંતુ આ વર્ષે ફેબ્રુઆરી મહિનાથી જ ગરમીનો પારો ૪૦ ડીગ્રી સુધી પહોંચ્યો હતો. જેને કારણે ફળોના રાજા કેરીના પાકને મોટી અસર થઈ હતી. વધુ પડતી ગરમીને કારણે કેરીના ફળ ઝાડ ઉપર જ પાકી જવા સાથે જ ફળની સાઈઝ પણ નાની રહી હતી. વાતાવરણને કારણે દોઢ મહિનો મોડી કેરીની સીઝન શરૂ થઈ અને ૨૦ ટકા જ ઉત્પાદન હોવાનું અનુમાન કરાયું હતું. કેરીનો પાક ફેલ થતા ખેડૂતો સાથે જ આંબાવાડી રાખનારાઓને પણ લાખોનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

ગુજરાતમાં ખેડૂતોની હાલત અત્યંત ખરાબ : ઈસુદાન ગઢવી

ગાંધીનગર, તા. ૨૩

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના હજામચોરા ગામમાં ખેડૂતે આપઘાત કર્યો હતો. આ અંગેની માહિતી મળતાં આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી મૃતક ખેડૂતના પરિવારને મળ્યા હતા અને દુઃખમાં સહભાગી થયા હતા. ઈસુદાન ગઢવીએ આ દુઃખદ અવસર પર પ્રેસ સાથે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આજે અમને કહેવામાં આવ્યું કે હજામચોરા ગામમાં એક ખેડૂત ભાઈએ આત્મહત્યા કરી છે, તેથી આજે અમે આમ આદમી પાર્ટીની સમગ્ર ટીમ સાથે શોક વ્યક્ત કરવા આવ્યા છીએ. અને અમે અમારી તરફથી મૃતકના પરિવારને શક્ય તમામ મદદ આપવાનું વચન આપ્યું છે.

મને કહેવામાં આવ્યું કે આ ખેડૂતે દેવાના કારણે આત્મહત્યા કરી છે. અને તેમનો પુત્ર હજુ પણ ગુમ છે, તેથી અમે તેમને પણ અપીલ કરીએ છીએ કે તમે પાછા આવો અને તમને પોલીસ તપાસમાં અથવા ક્યાંય પણ મદદની જરૂર હોય તો અમને જણાવો. જો તેમના પર કોઈપણ પ્રકારનું દબાણ હશે તો અમે મદદ કરવા તૈયાર છીએ.

હું ખેડૂત ભાઈઓને અપીલ કરવા માંગુ છું કે ગમે તેટલી મુશ્કેલ પરિસ્થિતિ આવે પણ તમારે હિંમત જાળવી રાખવી અને આવું કોઈ ખોટું પગલું ન ભરવું.

લો બોલો, મુસાફરના પાકિટ નહીં, આખી એસટી બસ જ ચોરાઇ..!!

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે જે શાંત અને સલામત રાજ્ય તરીકે મોડેલ સ્ટેટ તરીકે દર્શાવવામાં આવે છે પરંતુ આ મોડેલ સ્ટેટના પાટનગરના જિલ્લાના લગભગ તમામ એસટી બસ ડેપો અને બસ સ્ટેન્ડ ખાતે "સલામત સવારી"ના દાવાઓ મુસાફરોના પાકિટ ચોરાવાની ઘટનાઓ બેરોકટોક સર્જાતી રહે છે. જોકે હવે તો ચોરોની હિંમત એટલી વધી ગઈ છે કે હવે તેઓ મુસાફરના પાકિટ નહીં, આખી એસટી બસ જ ચોરી લેવાયાની ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે. જોકે આ બસ પછીથી નજીકના વિસ્તારમાંથી બીનવારસી હાલતમાં મળી આવી હતી પરંતુ એસટી બસની સલામતી માટે પ્રશ્નાર્થ લાગી રહ્યાં છે.

સમગ્ર ઘટનાની વિગતો અનુસાર ગાંધીનગર જિલ્લાના દહેગામ એસટી ડેપોમાંથી મોડી રાત્રે કોઈ શખ્સ આખેઆખી GJ-18-Z-5595 નંબરની એસટી બસ મોડી રાત્રે ત્રણેક વાગ્યાના સમયે ઉઠાવી ગયો હતો. વહેલી સવારે ડેપોના કર્મચારીઓ અને અધિકારીઓને આ બનાવ અંગેની જાણ થતા તેઓએ ડેપોમાંથી ગુમ થયેલી બસને શોધવા દોડધામ કરી મુકી હતી તે દરમિયાન ડેપોમાંથી ચોરાયેલી બસ કપડવંજ પાસેના વાઘાવત ગામે હોવાની જાણ થતા એસ.ટી. વિભાગની ટીમ વાઘાવત જવા રસ્તામાં હતી ત્યારે દહેગામ તાલુકાના હરખજીનામુવાડા પાસેથી રોડની સાઈડમાંથી બિનવારસી હાલતમાં બસ મળી આવતાં એસટી તંત્રએ રાહતનો દમ લીધો હતો. જોકે ગુમ થયેલી બસ અંગેની જાણ દહેગામ પોલીસ સ્ટેશને પણ પણ કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીએ અરુણાચલ પ્રદેશમાં કેમ્પસ શરૂ કર્યુ

ગાંધીનગર, તા.૨૩

ભારતના કેંદ્રીય ગૃહમંત્રી અમિત શાહે રક્ષાશક્તિ યુનિવર્સિટીના ટ્રાન્ઝિટ કેમ્પસનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. ગાંધીનગર જિલ્લામાં લવાડ ખાતે સ્થિત રાજ્યની રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીએ તેનું અરુણાચલ પ્રદેશના પાસીઘાટમાં પ્રથમ કેમ્પસ ભેટ આપનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સશક્ત ભારતના વિઝનને મજબૂત કરવામાં અગ્રણી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનાં દેશભરમાં કેમ્પસ ખોલવાની કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઈચ્છા વ્યક્ત કરી હતી. આ કેમ્પસ અરૂણાચલ પ્રદેશના પાસીઘાટ પૂર્વ સિયાંગ ડિસ્ટ્રિક્ટમાં ગુમિનનગર, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના ટ્રાન્ઝિટ કેમ્પસનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યું હતું. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના ટ્રાન્ઝિટ કેમ્પસનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અરુણાચલ પ્રદેશનાં મુખ્યમંત્રી શ પેમા ખાંડુ,

શરૂ કર્યુ છે. આ કેમ્પસ શરૂ થતાં હવે યુનિવર્સિટી નોર્થ-ઈસ્ટમાં પણ તેના શિક્ષણનો વ્યાપ વધારી શકશે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનું મુખ્ય મથક ગાંધીનગરમાં છે. જેનું પ્રથમ કેમ્પસ અરુણાચલ પ્રદેશના પાસીઘાટમાં ખોલ્યું છે. ગાંધીનગર જિલ્લાને રક્ષા યુનિવર્સિટી જેવી ડિસ્ટ્રિક્ટ સેશન કોર્ટની નજીક શરૂ કરવામાં આવ્યું છે. ગૃહ મંત્રી અમિત શાહ બે દિવસની મુલાકાત દરમિયાન અરુણાચલ પ્રદેશમાં હતા ત્યારે તા.૨૨મી મે, રવિવારના રોજ નમસાઈમાં એક જાહેર સભામાં તેમણે અરુણાચલ પ્રદેશના પાસીઘાટમાં સ્થાપિત મુખ્યમંત્રી, આરઆરયુના વાઈસ ચાન્સેલર, પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલ અને અરુણાચલ પ્રદેશ સરકારના અધિકારીએ અરુણાચલ પ્રદેશમાં નવા આરઆરયુ કેમ્પસના ઉદઘાટન માટે એક એમઓયુની આપલે કરી કરી હતી.

કે. રાકેશ પર વધુ એક કૌભાંડના આરોપથી ખળભળાટ

અમદાવાદ, તા.૨૩

સુરત તાલુકા પંચાયતના વિપક્ષ નેતા અને માંડવીના ધારાસભ્ય આનંદ ચૌધરીએ તત્કાલિન DDO સામે ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા છે. આનંદ ચૌધરીએ કે રાકેશને ભ્રષ્ટાચારના જનક ગણાવ્યા તેમજ બાંધકામના સમિતિના અધ્યક્ષ રોહિત પટેલ સામે પણ ભ્રષ્ટાચારના આરોપ કર્યો છે. પીપરીયા, ખંજરોલી, ઉમરસાડી અને કમાલપોરમાં વિકાસકામોમાં ગેરરીતિ આચર્યાનો આક્ષેપ કરાયો છે. આ મામલે માંડવી તાલુકા પંચાયત કચેરી બહાર વિપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ સાથે જ જિલ્લા કોંગ્રેસે વિજિલન્સ તપાસની પણ માંગ કરી હોવાનું જાણવા મળ્યું છે.આનંદ ચૌધરીએ મીડિયાને જણાવ્યું કે, માંડવી તાલુકામાં પીપરિયા સ્માર્ટ વિલેજ તરીકે નક્કી થયું હતું અને ૨૦૧૭-૧૮માં ૫ આખા ગામમાં ૫ કરોડના કામ કર્યા. હવે આ વખતના નાણાપંચમાં એ જ ગામમાં ૩૮ લાખની ફાળવણી કરી ત્યારે બધાને શંકા થઈને કે કેમ એક જ ગામમાં આટલા બધા કામો થયા? તપાસ કરતા ખબર પડી કે જે સ્માર્ટ વિલેજના કામો કર્યા વગર જ નાણાની ઉચાપત કરી છે. જેમાં ગ્રામ પંચાયતના તલાટી, સરપંચ, એસઓ, ટીડીઓ અને હિસાબી આ બધા લોકોએ ભેગા મળી આ કારસ્તાન કર્યું છે. આ અંગે DDOને જાણ કરી ૧૫ દિવસનો સમય આપીને કાર્યવાહીની માંગ કરી હતી. છતાંય કોઈ કાર્યવાહી ન થતાં પંચાયત કચેરી બહાર ધરણા કાર્યક્રમ રાખીને વિરોધ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦મીએ ગુજરાતના ૨૦૧૧ બેચના IAS ઓફિસર અને સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર કે. રાજેશની CBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત કે.રાજેશના લાંચ કેસમાં વચેટિયા તરીકેની ભૂમિકા ભજવનાર સુરતના રફીક મેમણના CBI કોર્ટે ૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

તાપમાન ઘટ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પવનની ગતિ પણ તેજ બની હતી. અચાનક જ ક્યારેક પવનની ગતિ તેજ બનતા આંધી જેવો અનુભવ થતો હતો. આકાશમાં ઘેરાતા વાદળોના કારણે વાતાવરણ આહલાદક બન્યુ હતુ. છેલ્લા ઘણા સમયથી આકરી ગરમીનો અનુભવ કરી રહેલા વસાહતીઓને વાતાવરણમાં આવેલા પલ્ટાથી રાહત મળી હતી. હીટવેવની અસર ઓછી થઈ હતી. ત્રણ દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચ્યુ હતુ જે લગભગ ચાર ડિગ્રી જેટલુ ઘટી ગયુ છે. મહત્તમ તાપમાન આજે ૩૯.૮ ડિ.સે. નોંધાયુ હતુ જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯ ડિ.સે. નોંધાયુ હતુ. મહત્તમ તાપમાન ઘટ્યુ હતુ પરંતુ ભેજનું પ્રમાણ વધતા બફારો વધ્યો હતો. બફારો વધતા વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા હતા. પવનની ગતિ ૧૫ થી ૧૮ કિ.મી. રહી હતી. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા અને સાંજે ૪૧ ટકા રહ્યું હતુ. ચોમાસાને હજુ ઘણીવાર છે પરંતુ પ્રિ-મોન્સુન એક્ટીવીટી વધી ગઈ હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યા હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે.

નવી ગટર લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યવાહી પણ હાથ ધરાશે. આ કામના અનુભવી તેમજ રાજયના માર્ગ અને મકાન વિભાગ , સિંચાઈ વિભાગ અગર કેન્દ્ર સરકાર કે બોર્ડ નિગમમાં નોંધાયા હોય તેવા કોન્ટ્રાકટર્સને આગામી ૧૮ મહીનામાં કામ પુર્ણ કરવાની સમય મર્યાદા પણ ટેન્ડર મુજબ રાખવામાં આવશે અલબત સમયસર કામ પુર્ણ થાય તેવુ આયોજન કરવામાં આવશે. જયારે ગટર લાઈનમાં કામની ગુણવત્તા જળવાઈ રહે તે માટે પણ વિશેષ તકેદારી રાખવામાં આવશે જેને અનુલક્ષીને કામનુ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન થાય તે મુજબની પણ વ્યવસ્થા કરાશે. નવી ગટર લાઈનને અનુલક્ષી જે ટાઉન પ્લાનીંગ સ્કીમ અને વિસ્તારનો સમાવેશ કરાયો છે. તેમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૧૧ તેમજ અડાલજ વિસ્તાર, ટી પી સ્કીમ નં -૧૧ બી ટાઉન પ્લાનીગ સ્કીમ નં -૨૧ માં સમાવિષ્ટ કોબા વિસ્તાર તેમજ ટી પી સ્કીમ નં ૨૨ માં સમાવિષ્ટ કોબા અને કુડાસણ વિસ્તારમાં કામ હાથ ધરાશે.

ઘોડીયા ઘર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખ્યાલ રાખી ઘોડીયા ઘરને નમુનારૂપ બનાવાયુ છે. ગાંધીનગર જિલ્લા કલેકટરની કચેરી આસપાસ સ્થિત ડિસ્ટ્રીકટ કોર્ટ , મહાનગરપાલિકાની કચેરીઓ પણ કાર્યરત છે. આ ઉપરાંત આસપાસ જિલ્લા અને રાજય કક્ષાની કચેરી ધરાવતુ સહયોગ સંકુલ પણ કાર્યરત છે. સરકાર કક્ષાએથી થયેલી નવી ભરતીમાં પણ મહીલા કર્મચારીઓની સંખ્યામાં વિશેષ વધારો થયો છે. આ મહીલા કર્મચારીઓ પૈકી નાના બાળકોની માતા હોય તેવા કિસ્સામાં મોટી સમસ્યા ઉભી થતી હતી જેને ધ્યાનમાં રાખી અધિક નિવાસી કલેકટર દ્વારા કચેરીના બિલ્ડીંગમાં ઘોડીયા ઘરની સુવિધા ઉભી કરવા માટેનો ઉમદા વિચાર રજુ કરાયો હતો. જયારે આ વિચારણાના અંતે બિલ્ડીંગના ચોથા મજલે જગ્યા ફાળવણીના અંતે પાટનગર યોજના વિભાગના ડિવીઝન -૨ કક્ષાએથી ઘોડીયાઘરની સુવિધા ઉભી કરવામાં આવી છે. ટુંકા ગાળામાં જ નમુનારૂપ ઘોડીયા ઘરનુ નિર્માણ કરાયુ છે. આગામી દિવસોમાં પ્રભારી મંત્રીના હસ્તે ખુલ્લુ મુકવામાં આવશે તેવી પણ સંભાવના છે. જિલ્લા કલેકટર કચેરીમાં અધિકારીઓમાં બેઠકોનો દૌરા ચાલુ હોય છે. ત્યારે આ વેળાએ કોન્ફરન્સ રૂમ પણ હાલ પર્યાપ્ત ન હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જયારે નાના અમથા હોલમાં અનેકવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. આવા સંજોગોમાં અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ભેગા થાય ત્યારે મુશ્કેલી પડે છે. ખુરશીઓ મુકવામાં આવી હોવાથી ચાલવાની પણ જગ્યા રહેતી નથી જેના લીધ હાલ કોન્ફરન્સ હોલની જગ્યા તેમજ પેસેજના એરિયાને પણ આવરી લઈને નવા કોન્ફરન્સ રૂમ બનાવાની યોજના વિચારણા હેઠળ છે.

સ્ટેજ મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજુ ટાઉનહોલના રીનોવેશનનુ કામ પુર્ણ થતા ૬ મહીનાનો સમય લાગે તેમ છે. ગાંધીનગરમાં છેલ્લા બે દિયકા દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃતિ વિશેષ રીતે ફુલીફાલી છે. અલબત્ત રોજબરોજ નતનવા કાર્યક્રમો થાય છે. જો કે છેલ્લા ત્રણ વર્ષથી શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિ મુર્જાઇ ગઇ છે. કોરોના કાળ બાદ હજુ નગરનો એક માત્ર ટાઉનહોલ પણ લાંબા સમયથી બંધ છે. ભયજનક હોલ આખરે બંધ કરી તેનુ રીનોવેશન શરૂ કરી દેવાયુ છે. પરંતુ નગરમાં આ એકમાત્ર હોલથી કામ ચાલે તેમ નથી. શહેરમાં ઓપન એર થિયેટર જેવા ડેડ પ્રોજેકટને આટોપી લઈ આ ઠેકાણે પણ આ પ્રકારનો ટાઉનહોલ તૈયાર કરવો જોઈએ તેવી લાગણી પણ પ્રબળ બની રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી એકમાત્ર ટાઉનહોલ પણ બંધ હોવાના લીધે હાલ નગરની કલા સંસ્થાઓ અને કલાકારો માટે મોટી મુંઝવણ ઉભી થઈ છે. શહેરમાં છેલ્લા ચાર દાયકાથી વધુ સમયના અંતે ટાઉનહોલની હાલત અત્યંત કંગાળ બનતા હવે તેનુ રીનોવેશન ચાલી રહ્યુ છે. ટાઉનહોલના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ ઈલેક્ટ્રીફિકેશન પાછળ થશે જેમાં બીજા માળે ગ્રીનરૂમ ટોઈલેટ બ્લોકની સુવિધા ઉભી કરાશે. જયારે બે ગ્રીન રૂમ રહેશે જેથી એક કાર્યક્રમ બાદ બીજા કાર્યક્રમની શરૂઆતે કલાકારોએ તૈયાર થવા કે પ્રેકટીસ કરવા માટે લાઈનમાં ઉભા રહેવુ નહીં પડે પાટનગર યોજના વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ ટાઉનહોલમાં સૌથી મહત્વની બાબત બેઠક વ્યવસ્થા બની છે. અગાઉ સાંકડી બેઠક વ્યવસ્થા શ્રોતાઓ માટે શિરદર્દ સમાન બની હતી જયારે આ અન્વયે નવેસરથી બેઠક વ્યવસ્થા ડિઝાઈન કરાઈ છે જો કે હોલમાં અગાઉની સાપેક્ષમાં ૧૦૦ જેટલા શ્રોતાઓનો ઓછો સમાવેશ કરી શકાશે જેમાં અંદાજિત ૧ હજાર શ્રોતાઓ બેસી શકશે. જયારે સાઉન્ડ સિસ્ટમ પણ અદ્યતન રહેશે આ ઉપરાંત ચિલર પ્લાન્ટ પણ શ્રોતાઓને ટાઢા તરબોળ રાખે તે મુજબનો રહેશે.

મદદ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હસ્તક્ષેપ કરશે? તેના જવાબમાં બાઈડને કહ્યું કે, 'અમે એ જ વચન આપ્યું હતું. અમે એક ચીન નીતિ (વન ચાઈના પોલિસી) પર રાજી થયા, અમે તેના પર હસ્તાક્ષર કર્યા...પરંતુ એ વિચારવું ખોટું છે કે, તાઈવાનને બળપ્રયોગથી છીનવી શકાશે.' આશરે ૭ દશકાથી પણ વધારે સમય સુધી અલગ શાસન કરવા છતાં ચીન દ્વારા તાઈવાનને એવી ધમકી આપવામાં આવી છે કે, તાઈવાનની સ્વતંત્રતાનો અર્થ યુદ્ધ થશે. ગત વર્ષે ૧ જૂનના રોજ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે સ્વશાસિત તાઈવાન સાથે પૂર્ણ એકીકરણનો સંકલ્પ લીધો હતો અને દ્વીપ માટે ઔપચારિક સ્વતંત્રતાના કોઈ પણ પ્રયત્નને નિષ્ફળ બનાવવાનું વચન આપ્યું હતું. રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલા હુમલા બાદ અમેરિકાના મતે એવી આશંકા વધી ગઈ હતી કે, ચીન વૈશ્વિક તણાવનો ફાયદો ઉઠાવીને તાઈવાન પર હુમલો કરવાની તૈયારી કરી શકે છે.

પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઘણીવાર આપણે નિરર્થકતાનો એહસાસ કરીએ છીએ..બરાબર મહેનત કરી હોય,નિષ્ઠા દાખવી હોય તોય પરિણામ વિફળ હોય..આવા સમયે સાર્થકતા નો અભાવ માણસને કોરી ખાય છે...સભરતા હંમેશાં પ્રસન્નતા આપે છે પરંતુ એ માટે માત્ર પુરુષાર્થ નહી જીવન પ્રત્યેનો અભિગમ પણ મહત્વની ભૂમિકા નિભાવે છે..નાનું સરખું કાર્ય કે નાનકડી સંબંધની લકીર જયારે તૃપ્તતાનો અનુભવ કરાવે છે ત્યારે આપોઆપ આનંદ છવાઈ જતો હોય છે.સતત ધમાલ અને અવિરત આયામો પછી પણ કંટાળાજનક વિફળતાની અનુભૂતિ થાય તો ટકી રહેવું મુશ્કેલ બની જાય છે..આપણી મથામણ કયારેક સાચી દિશાની તો કયારેક કાચી કેડીની હોઈ શકે. બંનેમાં થાક ચોકકસ લઘુતમ સામાન્ય ઘટના હોય તો પણ એક તરફ સાર્થકતા અને બીજી તરફ એકવિધતાનો એહસાસ ઉભય પક્ષે અલગઅલગ પરિણામો આપે છે..આપણુ ગંતવ્ય જયારે ગણિત બની જાય ત્યારે ખાલીપો છવાઈ જાય છે..સભરતાનું કર્તવ્ય આપણને ભીતરબહાર તરબતર કરી જાય છે..!

વિચારયાત્રા

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જીવી લે તું પણ, તારી રીતે.

દિવેલ પીધેલ તો, સમાજ બહુ રખડે છે. તેનાથી દૂર રહેવું.

પ્રસંગ બગાડે તેવી વ્યક્તિઓ આવે કે ન આવે, મન કે મગજ ઉપર ન લેવું.

ભગવાને આપણને આફતમાંથી બચાવ્યા છે, તેવું સમજવું.

આનંદમાં રહો, બીજાને પણ રાખો.....

મારા ખભે હાથ મૂકીને કાકા બોલ્યા....

Life begins with our Cry.
Life Ends with others Cry.
Why not we fill this Gap
With as much Laugh as Possible.

બેટા....

તમારી હાજરીની નોંધ હું જરૂરથી લઈશ માટે સમય કાઢી જરૂર આવજો.

જીંદગીમાં એક વાત યાદ રાખજે બેટા,

સારી વ્યક્તિની લોકો આતુરતાથી રાહ જોતા હોય છે. એ પછી લગ્નનો માંડવો હોય, કે હોસ્પિટલનો ખાટલો.

કારણ....

આવી વ્યક્તિઓનું વર્તન, સુખમાં કે દુઃખમાં એક સરખું જ હોય છે..

લોહીના સંબંધ કુદરત બનાવે છે.
પણ દિલના સંબંધ તો,
આપણે બનાવવાનો હોય ને....
- વ્હોટ્સ એપ યુનિવર્સિટીમાંથી સાભાર

ઘણીવાર આપણે આ વાતનો અનુભવ કર્યો હોય છે કે જ્યારે સારામાઠા પ્રસંગો આવે ત્યારે કહેવાતા શિષ્ટાચારયુક્ત સંબંધીઓ કરતાં પડખે ઊભા રહેનારા કોઈ ત્રીજા જ નીકળતા હોય છે અને જે ખરેખર નજીકના હોય છે તે તો વાસ્તવમાં દૂરથી ઊભા રહીને માત્ર ક્યાં ગડબડ થશે તેની રાહમાં જ હોય છે. આ વાત તો 'કહાની ઘર ઘર કી' જેવી છે. વાસ્તવમાં છેલ્લાં કેટલાય સમયથી લોહીના સંબંધો ઉપર આત્મીય સંબંધો હાવી થતા જાય છે. જેની સાથે કશું દેખીતું સગપણ ન હોય તેવા આત્મીય લોકો સારા-માઠા પ્રસંગે પહેલાં યાદ આવે છે અને આપણા પ્રસંગને પોતાનો પ્રસંગ માનીને સાચવી લેનારા તેઓ ખરા અર્થમાં સગાવ્હાલા વ્હાલાસગા બનતા હોય છે.

વાસ્તવમાં આપણે એ હંમેશા અનુભવ્યું છે કે કટ્ટીર્દ્ધા પર ટ્વીટર ઈન્સ્ટાગ્રામ પર કે પછી આપણી ફોનની ડિરેક્ટરીમાં જેટલા નામો આપણે સેવ કરી રાખ્યા હોય તેમાંથી અણીના સમયે કામ લાગતા, પડખે ઊભા રહેતા આત્મીયોની સંખ્યા ખૂબ ઓછી હોય છે. જ્યારે આપણે તેમ વિચારીએ કે આમ કરીશું તો આપણા પરિવારના આપણા મિત્રોના મનમાં શું થશે વ્યહવાર સાચવવાની મથામણમાં જ્યારે એક મધ્યમવર્ગીય માણસ ખેંચાઈ જતો હોય ત્યારે સામેથી તો માત્ર ને માત્ર દોષ દ્દષ્ટિવાળા અને ઘણી વખત તો દ્વેષ દ્દષ્ટિવાળા લોકોના પેટ આપણે કદી ઠારી શકતા નથી.

જ્યારે આપણે તેમ વિચારીએ કે આપણે આપણા પ્રસંગમાં આ પ્રકારનું કોઈ કાર્ય કરીશું તો આપણા સંબંધીઓ ખુશ થશે તે વિચાર જડમૂળથી ખોટો છે. પ્રસંગ તો પોતાના આનંદ માટે અને પોતે જે આનંદ અનુભવે છે તેને પોતાના આત્મીયજનો સુધી પહોંચાડીને આનંદ બેવડાવવા માટે હોય છે.

આવા પ્રસંગો ઊજવાઈ ગયા પછી પ્રસંગ લેનારની ફોન ડિરેક્ટરીમાં કાંતો આત્મીયજનોના નંબરોનો વધારો થાય છે અથવા ઘણા બધા કહેવાતા આત્મીયોના નામ ડીલીટ થતા હોય છે.

આપણી કુટુંબ વ્યવસ્થા ખૂબ મજબૂત છે અને આ કુટુંબ વ્યવસ્થા માટે આપણે ગર્વ અનુભવીએ છીએ પણ હવે તો આપણા કુટુંબમાં પણ ગઈ પેઢી જેટલી નિકટતા આપણે જોઈ શકતા નથી તેનું કારણ અત્યારની દોડાદોડ ભરી જીવનશૈલી મુખ્ય છે. કંકોત્રી લખવાના ડ્રાફટથી માંડીને ચાંદલાની નોટ લખવા સુધીની જે આજે સફર હોય છે. તેમાં કંઈ કેટલાય નવા નવા વિષયો ઉમેરાતા જતા હોય છે.

પ્રસંગોમાં સાથે રહેવાના આ કારણે કુટુંબીઓ અને ખાસ કરીને યજમાન ઘડાતો હોય છે.

- jayuoza@gmail.com, Mo.9898046488